CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ પોષ વદ -૪   મંગળવાર, તા.૦૬-૦૧-૨૦૨૬   અંક : ૫૭ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ગુજરાત હાઈકોર્ટ સહિત છ કોર્ટને વિસ્ફોટ કરી ઉડાવી દેવાની ધમકી

## ગુજરાત હાઈકોર્ટ, સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ,અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ખળભળાટ : તમામ કોર્ટ પર સઘન તપાસ હાથ ધરવામાં આવી

અમદાવાદ,

અમદાવાદમાં આવેલી શાળાઓને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ થોડા દિવસો પહેલા મળ્યા બાદ હવે ગુજરાત હાઈકોર્ટ સહિત સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટ, લાલ દરવાજા સ્થિત અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ તેમજ ભરૂચ, આણંદ અને રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ભારે ખળભળાટ મચી ગયો છે. એક અજાણ્યા શખસે સોમવારે મોડી રાત્રે સુરત અને અમદાવાદ સહિતની કોર્ટના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર મેઈલ કરીને આખા બિલ્ડિંગને વિસ્ફોટકથી ઉડાવી દેવાની ધમકી આપી હતી.



આ ધમકીને ગંભીરતાથી લઈને તમામ કોર્ટમાં ન્યાયિક કામગીરી અટકાવીને ડોગ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમની મદદથી ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં છે. આ ધમકીની ગંભીરતાને ધ્યાને રાખીને ગુજરાત હાઈકોર્ટ તેમજ અન્ય તમામ જિલ્લાની કોર્ટમાં પ્રવેશબંધી જાહેર કરી દેવાઈ છે. એટલું જ નહીં, આ સિવાય ન્યાયિક કામગીરી પણ તાત્કાલિક ધોરણે બંધ કરી દેવાઈ છે. વહીવટી તંત્રએ વકીલો, સ્ટાફ અને અસીલોને સલામત રીતે પરિસરની બહાર મોકલી દીધા છે.

આ ઘટનાની જાણ થતા જ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

હાલ બોમ્બ ડિસ્પોઝલ અને ડોગ સ્ક્વોડ દ્વારા પાર્કિંગ, કેન્ટીન અને કોર્ટ બિલ્ડિંગના દરેક માળ પર ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે. જો કે, પ્રાથમિક તપાસમાં હજુ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.અમદાવાદ ક્રાઈમ બ્રાંચના ડીસીપી અજિત રાજિયનના જણાવ્યા મુજબ, ગઈકાલથી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી રહી છે.

અત્યારે અમારી ટીમ આ અંગે તપાસ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં આ પ્રકારની ધમકીના ઈ-મેઈલ ભારત બહારથી કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રકારના મેઈલ કરીને લોકોમાં ભય ફેલાવવાનો પ્રયાસ કરાતો હોવાનું લાગી રહ્યું છે. આ દિશામાં અમારી ટીમ દ્વારા તપાસ ચાલુ છે.અમદાવાદ અને સુરતની કોર્ટના સત્તાવાર મેઈલ આઈડી પર સોમવારે રાત્રે આશરે ૨:૦૦ વાગ્યે અંગ્રેજીમાં એક ઈ-મેઈલ આવ્યો હતો. આ મેઈલમાં કોર્ટ બિલ્ડિંગને વિસ્ફોટકો દ્વારા ઉડાવી દેવાની ગંભીર ચેતવણી આપવામાં આવી હતી. આજે વહેલી સવારે જ્યારે કોર્ટના કર્મચારીઓએ ફરજ પર આવીને મેઈલ ચેક કર્યો, ત્યારે આ બાબત સામે આવી હતી.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર અત્યાચાર યથાવત, વધુ એક હિન્દુ યુવકની ઘાતકી હત્યા

## બાંગ્લાદેશમાં ચોવીસ કલાકમાં બીજી ઘટના : અત્યાર સુધીમાં છ હિન્દુઓની થઈ હત્યા

ઢાકા

બાંગ્લાદેશમાં સાંપ્રદાયિક તણાવ સતત વધી રહ્યો છે. ભીડ દ્વારા લઘુમતી હિન્દુઓ વિરુદ્ધ હિંસાના કેસ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં બે હિન્દુ યુવકોની હત્યાના કેસ પ્રકાશમાં આવ્યા છે. જેમાં નરસિંદી જિલ્લામાં એક વેપારીની હત્યા કરવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસમાં હિન્દુની હત્યાનો આ છઠ્ઠો કેસ છે. જે બાદ બાંગ્લાદેશમાં લઘુમતીઓની સલામતીને લઈને ગંભીર સવાલ ઊભા થઈ રહ્યા છે.

૫ જાન્યુઆરીએ રાત્રિના ૧૦ વાગ્યા બાદ હિન્દુ વેપારી મોની ચક્રવર્તી પર અજ્ઞાત હુમલાખોરોએ ધારદાર હથિયારોથી હુમલો કર્યો. ઈજાગ્રસ્ત મોનીને હોસ્પિટલ લઈ જવાયો. પણ સારવાર દરમિયાન તેણે જીવ ગુમાવ્યો. ગઈકાલે જ બાંગ્લાદેશમાં હિન્દુ પત્રકાર રાણા પ્રતાપ વૈરાગીની પણ ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જશોર જિલ્લામાં મનીરામપુર વિસ્તારમાં સોમવારે સાંજે બાઈક સવાર હુમલાખોરો રાણા પ્રતાપ વૈરાગીને ગોળી મારીને ફરાર થઈ ગયા. બાંગ્લાદેશમાં ૬ હિન્દુઓની હત્યા થઈ ચૂકી છે. જેમાં મોની અને રાણા પ્રતાપ સિવાય દીપુ દાસ, અમૃત મંડલ, બજેન્દ્ર વિશ્વાસ, ખોકન દાસ સામેલ છે. દીપુ દાસ પર ઈશનિંદાના આરોપમાં ભીડે હુમલો કર્યો હતો.

# કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ કલમાડીનું અવસાન

## લાંબી બીમારી બાદ ૮૨ વર્ષની વયે લીધા અંતિમ શ્વાસ

નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી સુરેશ કલમાડીનું લાંબી બીમારી બાદ નિધન થયું છે. તેમને સારવાર માટે પૂણેની દીનાનાથ મંગેશકર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમનો પાર્થિવ દેહ આજે બપોરે બે વાગ્યા સુધી પૂણેના કલમાડી હાઉસમાં રાખવામાં આવશે. જે બાદ નવી પેઠ સ્થિત વૈકુંઠ સ્મશાન ભૂમિમાં તેમના અંતિમ સંસ્કાર કરાશે.

કોંગ્રેસના દિગ્ગજ નેતા સંજય ગાંધી તેમને રાજકારણમાં લાવ્યા હતા. તે સમયે સુરેશ કલમાડી પૂણેમાં ફાસ્ટફૂડ આઉટલેટ ચલાવતા હતા. તેમને મહારાષ્ટ્ર યુવા કોંગ્રેસની કમાન સોંપવામાં આવી. ૧૯૮૨માં તેઓ રાજ્યસભાના સાંસદ બન્યા. ૧૯૯૬માં તેઓ ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ રહ્યા અને ચાર-ચાર વર્ષના બે કાર્યકાળમાં તેમણે પ્રમુખ પદ જાળવી રાખ્યું. તેમના પર કોમનવેલ્થ ગેમ્સમાં કૌભાંડના આરોપ લાગ્યા હતા અને ઈડીએ તેમના ઘરે દરોડા પાડી તપાસ પણ કરી હતી. જોકે ગયા વર્ષે જ પુરાવા ન હોવાના કારણે તેમને ક્લીન ચિટ અપાઈ હતી.

નોંધનીય છે કે પૂણેમાં રહેતા સુરેશ કલમાડી ૧૯૬૦ના દાયકામાં ભારતીય વાયુસેનામાં પાયલોટના રૂપમાં સામેલ થયા હતા. ત્યાં તેમણે છ વર્ષ સેવા આપી. બાદમાં તેઓ બે વર્ષ સુધી દ્વઢ્ઢછમાં ટ્રેનર તરીકે ફરજ બજાવતા હતા. તેમણે વર્ષ ૧૯૬૫ અને ૧૯૭૧ એમ બે વખત પાકિસ્તાન વિરુદ્ધ યુદ્ધમાં પણ સેવા આપી હતી.

# ટ્રમ્પની સતત ધમકી છતાં વડાપ્રધાન મોદી મૌન કેમ? : કોંગ્રેસનો અણિયાળો સવાલ

## કોંગ્રેસે ભારત-પાકિસ્તાન યુદ્ધ અટકાવવાના અવારનવાર દાવા તેમજ રશિયા સાથે વેપાર મુદ્દે ટ્રમ્પની ખુલ્લી ધમકી મામલે મૌનને ભારતની નબળી વિદેશ નીતિની નિશાની ગણાવી

નવી દિલ્હી,

ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વખત અમેરિકાના પ્રમુખ બન્યા તે બાદથી જ ભારત અને અમેરિકાના સંબંધો સતત વણસી રહ્યા છે. રશિયા સાથેના ભારતના સંબંધો મુદ્દે ટ્રમ્પ સતત દબાણ બનાવી રહ્યા છે અને ભારત પર ટેરિફ પણ લગાવ્યો છે. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પના નવા નિવેદન મુદ્દે કોંગ્રેસે કેન્દ્ર સરકાર તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સવાલ ઉઠાવ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે કરેલી ટિપ્પણી બાદ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું છે, કે મને સમજાતું નથી કે વડાપ્રધાન મોદી ટ્રમ્પની સામે કેમ નમતું જોખી રહ્યા છે. આ નીતિ દેશ માટે આરી નથી. તમારે દેશ માટે ઊભા થવું પડશે. દેશે તમને માથું હલાવવા માટે વડાપ્રધાન નથી બનાવ્યા. ખડગેએ વધુમાં કહ્યું, કે ડોનાલ્ડ ટ્રમ્પ ૭૦ વખત કહી ચૂક્યા છે તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરાવ્યું. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મને ખુશ કરવા માટે ભારતે રશિયાથી ઓઈલની આયાત ઘટાડી છે. આટલું જ નહીં તેમણે ફરી ભારતને ધમકી આપી હતી કે જો ભારત રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ નહીં કરે તો ટેરિફ વધારવામાં આવશે.

ટ્રમ્પના આ નિવેદન બાદ કોંગ્રેસે ૩ સવાલ પૂછ્યા છે : શું ભારતની વિદેશનીતિ અમેરિકા નક્કી કરશે? ટ્રમ્પને ખુશ કરવા માટે ભારતે રશિયાથી ઓઈલની આયાત ઘટાડી? ટ્રમ્પની ધમકીઓ પર વડાપ્રધાન મોદી મૌન કેમ છે?

નોંધનીય છે કે રશિયા અને યુક્રેન વચ્ચે સંઘર્ષ શરૂ થયા બાદ ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થયો હતો. જે બાદ ભારતે રશિયાથી ક્રૂડ ઓઈલની ખરીદી વધારી હતી. જેને લઈને અમેરિકા સતત નારાજગી વ્યક્ત કરતું રહ્યું છે. અમેરિકાનો આરોપ છે કે ઓઈલ ખરીદીને ભારત યુદ્ધમાં રશિયાની મદદ કરી રહ્યું છે. જોકે અગાઉ પણ ભારતે આ અંગે સ્પષ્ટતા કરી હતી કે અમે ભારતીયોના હિત માટે જ્યાંથી સારી કિંમતમાં ઓઈલ મળશે ત્યાંથી ખરીદીશું.

# ચાલુ વર્ષ દરમિયાન કાચા તેલના ભાવમાં ઘટાડાની શક્યતા

## એસબીઆઈ રીસર્ચના એક વિશ્લેષણમાં તેલના ભાવ ઘટે તેવો આશાવાદ વ્યક્ત કરાયો : ભાવ ઘટે તો મોંઘવારીમાં લોકોને મળશે રાહત

નવી દિલ્હી,

મધ્યમ વર્ગ માટે ૨૦૨૬નું વર્ષ થોડી રાહત આપનારું સાબિત થાય તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. એસબીઆઈ રીસર્ચના એક વિશ્લેષણ અનુસાર, વર્ષ ૨૦૨૬માં ક્રુડ ઓઈલની કિંમતમાં ધરખમ ઘટાડો થવાનાં એંધાણ છે. જૂન સુધીમાં તે ૫૦ ડોલર સુધીની સપાટીએ પંહોચી શકે છે. જો અહેવાલનો દાવો સાચો ઠરે છે તો આ વર્ષે પેટ્રોલ-ડીઝલના ભાવમાં પણ ઘટાડો નોંધાઈ શકે છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ ૬૧.૭૬ ડોલર અને WTI ક્રૂડ ૫૮.૨૯ ડોલર પ્રતિ બેરલની આસપાસ ટ્રેડ થઈ રહ્યા છે.અહેવાલ મુજબ અંદાજ છે કે વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં બ્રેન્ટ ક્રૂડની સરેરાશ કિંમત ૫૫ ડોલર રહી શકે છે, જેનું મુખ્ય કારણ તેલના ભંડારમાં થતો વધારો છે. SBI ગ્રુપના મુખ્ય આર્થિક સલાહકાર સૌમ્ય કાંતિ ઘોષના જણાવ્યા અનુસાર, બ્રેન્ટ ક્રૂડ અને ઈન્ડિયન બાસ્કેટની કિંમતો વચ્ચે ગાઢ સંબંધ હોવાથી આંતરરાષ્ટ્રીય ઘટાડાની સીધી અસર ભારતીય બજાર પર પડશે. આ ઘટાડાથી દેશના આર્થિક વિકાસને વેગ મળશે અને મોંઘવારી દર અંકુશમાં લેવામાં મદદ મળશે.ટેકનિકલ વિશ્લેષણના આધારે રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતીય કાચા તેલની વર્તમાન કિંમતો ૫૦ અને ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજથી નીચે ચાલી રહી છે. આ સંકેત આપે છે કે ભવિષ્યમાં કિંમતો ૬૨.૨૦ ડોલરના વર્તમાન સ્તરથી પણ નીચે જઈ શકે છે. તેલના ભાવમાં ઘટાડો થવાથી પરિવહન ખર્ચ ઘટશે, જેની સીધી અસર જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર પણ જોવા મળી શકે છે.




હાલના આંકડાઓ પર નજર કરીએ તો, પોર્ટ બ્લેર (અંદામાન અને નિકોબાર) માં પેટ્રોલ રૂા.૮૨.૪૬ અને ડીઝલ રૂા.૭૮.૦૫ પ્રતિ લિટર સાથે દેશમાં સૌથી સસ્તું મળી રહ્યું છે. આ ઉપરાંત ઈટાનગર, સેલવાસ, દમણ અને ઉત્તરાખંડના હરિદ્વાર તથા દહેરાદૂન જેવા શહેરોમાં પણ પેટ્રોલ ?૯૧ થી ?૯૪ ની રેન્જમાં ઉપલબ્ધ છે. ડીઝલની વાત કરીએ તો જમ્મુ, ચંદીગઢ અને કઠુઆ જેવા શહેરોમાં પણ કિંમતો અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી ઓછી છે. જો ક્રૂડ ઓઈલ ૫૦ ડોલર સુધી પહોંચશે, તો આ ભાવમાં વધુ ઘટાડો થવાની પૂરેપૂરી શક્યતા છે.

# કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીની તબિયત બગડતા હોસ્પીટલમાં દાખલ કરાયા

નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીની તબિયત બગડતા તેમને દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સોમવારે મોડી સાંજે તેમને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધીને જૂની ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ થવાના કારણે દાખલ કરવામાં આવ્યા છે.



હોસ્પિટલ દ્વારા મળતી માહિતી મુજબ, હાલ તેમની તબિયત સ્થિર છે. તેમને ચેસ્ટ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ એક રેગ્યુલર ચેકઅપનો એક ભાગ છે. દિલ્હીમાં વધી રહેલા પ્રદૂષણને કારણે તેમને ખાંસીની સમસ્યા વધી હતી, જેના નિવારણ માટે તેઓ તપાસ કરાવી રહ્યા છે.

# અમેરિકા વેનેઝુએલા સાથે યુદ્ધ નહીં કરે,અર્થ વ્યવસ્થા સુધરવાનો ડોનાલ્ડ ટ્રમ્પે આપ્યો સંકેત

## વેનેઝુએલા પર પૂર્ણ નિયંત્રણનો ટ્રમ્પનો દાવો : દેશની સ્થિતિ થાળે પડ્યા બાદ નવી ચૂંટણી શક્ય બનશે

વોશિંગ્ટન ડીસી,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાની સ્થિતિ અંગે અત્યંત મહત્ત્વનું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા વેનેઝુએલા સાથે કોઈ યુદ્ધમાં નથી, પરંતુ ત્યાં અત્યારે તાત્કાલિક ચૂંટણી કરાવવાનું કોઈ દબાણ પણ કરવામાં આવશે નહીં. ટ્રમ્પના મતે, ચૂંટણી પહેલા દેશને સ્થિર કરવો અને ત્યાંની ભાંગી પડેલી વ્યવસ્થાને ફરી બેઠી કરવી પ્રાથમિકતા છે.

એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે આગામી ૩૦ દિવસમાં વેનેઝુએલામાં ચૂંટણી શક્ય નથી. તેમણે કહ્યું, 'અમારે પહેલા દેશને ઠીક કરવો પડશે. જો લોકો વોટ આપી શકવાની સ્થિતિમાં જ ન હોય, તો ચૂંટણી કેવી રીતે કરાવી શકાય? અત્યારે અમેરિકાનું પૂરું ધ્યાન ત્યાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને અર્થતંત્રને ફરીથી પાટા પર લાવવા પર છે.'ડોનાલ્ડ ટ્રમ્પે વેનેઝુએલાના તેલ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે એક મહત્વાકાંક્ષી આર્થિક યોજના રજૂ કરી છે, જેમાં અમેરિકન તેલ કંપનીઓની ભૂમિકા અત્યંત નિર્ણાયક રહેશે. આ પ્લાન મુજબ, વેનેઝુએલાના ભાંગી પડેલા એનર્જી સેક્ટરને ફરીથી કાર્યરત કરવાની જવાબદારી અમેરિકન કંપનીઓ સંભાળશે, જેનાથી દેશના આર્થિક પુનરુત્થાનને વેગ મળશે. ટ્રમ્પનો અંદાજ છે કે આ સમગ્ર પ્રક્રિયા ૧૮ મહિનાથી પણ ઓછા સમયમાં પૂર્ણ કરી શકાય તેમ છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ પ્રોજેક્ટ માટેનો પ્રારંભિક ખર્ચ તેલ કંપનીઓ પોતે જ ભોગવશે અને ત્યારબાદ તેલના વેચાણમાંથી થતી આવક દ્વારા તેઓ પોતાની લાગત વસૂલ કરી શકશે.જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે હાલમાં વેનેઝુએલાનું સંચાલન કોણ કરી રહ્યું છે, ત્યારે તેમણે માત્ર એક શબ્દમાં જવાબ આપ્યો હતો- 'હું' તેમણે વધુમાં કહ્યું કે, 'વિદેશ મંત્રી માર્કો રુબિયો વેનેઝુએલાના નેતૃત્વ સાથે સતત સંપર્કમાં છે.

# વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ ભવન પાસે ફરી ફાયરિંગ : ડ્રોન જોવા મળતાં ફફડાટ

## વાઈસ પ્રેસિડેન્ટ ડેલ્સી રોડ્રિગ્સે વચગાળાના રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધાના ગણતરીના કલાકોમાં જ બનેલી ઘટના : સૈન્યએ ડ્રોન તોડી પાડ્યા

કારાકસ

વેનેઝુએલાના રાજધાની કારાકસ સ્થિત રાષ્ટ્રપતિ ભવન નજીક ફાયરિંગ અને વિસ્ફોટકના અવાજ સંભાળા હતા. સુરક્ષા દળોએ રાષ્ટ્રપતિ ભવન પર કેટલાક અજાણ્યા ડ્રોન ઉડતાં જોઈને તેના પર ફાયરિંગ કર્યું હતું. આ ઘટના સ્થાનિક સમય મુજબ રાત્રે આશરે ૮ કલાકે બની હતી. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો હતો. આ ઉપરાંત કેટલાક વિસ્તારમાં વીજળી પણ ગુલ થઈ હોવાના અહેવાલ છે. સુરક્ષા દળોની કાર્યવાહીના કારણે હવે સ્થિતિ નિયંત્રણમાં હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલી ક્લિપમાં ફાયરિંગનો અવાજ પણ સંભળાય છે. ઉપરાંત આકાશમાંથી ટ્રેસર ફાયરની તસવીરો પણ સામે આવી છે. જેની મદદથી ડ્રોનને વેનેઝુએલાની સેના તોડી પાડવાની કોશિશ કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે હાલ સ્થિતિ કાબુમાં છે પરંતુ દેશની રાજધાનીમાં તણાવનો માહોલ છે. આ સમગ્ર ઘટનાક્રમ વાઈસ પ્રેસિડેન્ટ ડેલ્સી રોડ્રિગ્સે વચગાળાના રાષ્ટ્રપ્રમુખ તરીકે શપથ લીધાના ગણતરીના કલાકોમાં જ બન્યો હતો. નિકોલસ માદુરોની અમેરિકાએ સ્પેશિયલ ઓપરેશન અંતર્ગત ધરપકડ કર્યા બાદ તેને ડ્રગ્સ સંબંધિત કેસમાં ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.સુનાવણી દરમિયાન માદુરોએ તેના પર લગાવવામાં આવેલા આરોપો નકાર્યા હતા અને ખુદને નિર્દોષ જાહેર કર્યો હતો.

CMYK